શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Silver Health Check-up (સિલ્વર હેલ્થ ચેકઅપ)
Rs. 4700/- Rs. 1500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- કીડની તપાસ Creatinine, Blood Urea, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride) - યુરિન ચેકઅપ Urine Test
- લીવર તપાસ SGPT, SGOT, Bilirubin - સુગર તપાસ (Diabetes) FBS, PPBS
- ન્યુટ્રીશ્યન તપાસ Vita B12 - થાઈરોઈડ તપાસ T3 T4 TSH - દાંતની તપાસ
- હૃદયની તપાસ ECG - છાતીની તપાસ Chest X-Ray - સંધિવા તપાસ RA Test
- એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેકશનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614

164મો સ્થાપનાદિન
# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
- DTRT - EKLપંચકર્મ
- ઉપનાહ સ્વેદન - પટ્ટબંધન
- લેપન - અગ્નિકર્મ
- વેધાગ્નિકર્મ - ક્ષારકર્મ
- પંચકર્મ - વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ બીજ રવિવાર ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૪
પાનાં ૧૨+૮+૪ કિંમત ₹ ૬.૦૦

### ભારતીય કૂટનીતિ માટે એક મોટી સફળતા

# બ્રિક્સનો નવી દિલ્હી ઢંઢેરો સર્વસંમતિથી સ્વીકૃત

**યુએઇ** અને ઇરાન વચ્ચે મતભેદો ઉભા થયા, પણ તે ઉકેલવામાં ભારતને સફળતા મળી

**પશ્ચિમ** એશિયામાં મહત્તમ સંયમની અપીલ, જો કે નેતાઓએ પશ્ચિમ એશિયાની કટોકટી પર અમેરિકાનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું

**જો કોઇ** એક દેશ પણ અસંમત રહ્યો હોત તો આ સંયુક્ત ઢંઢેરો અટકી ગયો હોત




**નવી દિલ્હી, તા. 12 (PTI):** ભારતીય કૂટનીતિની મોટી જીતમાં પશ્ચિમ એશિયાના સંઘર્ષ અંગે યુનાઈટેડ આરબ અમીરાત અને તેહરાન વચ્ચેના તીવ્ર મતભેદોને ઉકેલ્યા પછી બ્રિક્સ જૂથે શનિવારે સર્વસંમતિથી સંયુક્ત ઘોષણાપત્ર અપનાવ્યું હતું, જેમાં ઈરાન પરના હુમલાઓ માટે નો સીધો ઉલ્લેખ કરવાનું નોંધપાત્ર રીતે ટાળવામાં આવ્યું છે.

બ્રિક્સ નેતાઓએ 'સંવાદ અને કૂટનીતિ' દ્વારા સંઘર્ષનો અંત લાવવાના નવી દિલ્હીના વલણનું સમર્થન કર્યું હોય તેવું લાગતું હતું અને લાગુ આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર, વૈશ્વિક વેપાર, સપ્લાય ચેઈન અને ઊર્જાનો સરળ પ્રવાહ જાળવી રાખવા માટે સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

બે દિવસીય શિખર સંમેલનના ઉદ્ઘાટન દિવસના રોજ અપનાવાયેલું બ્રિક્સ ઘોષણાપત્ર ભારતીય કૂટનીતિ માટે એક મોટી સફળતા તરીકે જોવામાં આવે છે. ઘોષણાપત્રના મુસદ્દા પરની વાટાઘાટો અંતિમ સમય સુધી ચાલી હતી. કારણ કે, ઈરાન અને યુએઈ બંનેએ શરૂઆતમાં પોતાનું વલણ સખત રાખ્યું હતું.

બ્રિક્સ એ સર્વસંમતિ પર આધારિત જૂથ છે. એટલે કે, કોઈપણ એક સભ્ય દેશ અંતિમ સંયુક્ત ઘોષણાપત્રને અટકાવી શકે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન, અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહિયાન અને આ બ્લોકના અન્ય શીર્ષ નેતાઓની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન દિવસની ચર્ચાઓના અંતે ઘોષણાપત્ર અપનાવવાની જાહેરાત કરી હતી.

ઘોષણાપત્રમાં જણાવાયું છે કે, "અમે પશ્ચિમ એશિયામાં તણાવમાં સતત વધારા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરીએ છીએ અને અમારા પોતપોતાના રાષ્ટ્રીય વલણને યાદ કરીને મહત્તમ સંયમ રાખવા તેમ જ એવી કાર્યવાહી ટાળવા માટે આહ્વાન કરીએ છીએ જેનાથી પરિસ્થિતિ વધુ વણસી શકે."

ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે, "વધુમાં, અમે સંયુક્ત રાષ્ટ્રસંઘના ચાર્ટરના હેતુઓ અને સિદ્ધાંતો અનુસાર તેમની સંપૂર્ણતા અને પરસ્પર જોડાણમાં રાજ્યોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના આદર સહિત, નાગરિકો અને નાગરિક માળખાકીય સુવિધાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આગ્રહ કરીએ છીએ."



બ્રિક્સ શિખર સંમેલન જ્યાં યોજાઇ રહ્યું છે તે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ ઝી જિનપિંગે છોડવાઓ રોપ્યા હતા તે તસવીરમાં જોઇ શકાય છે.

## બ્રિક્સએ વૈવિધ્યસભર ઊર્જા મિશ્રણને સમર્થન આપ્યું

**બ્રિક્સ** નેતાઓએ ઊભરતા અને વિકાસશીલ અર્થતંત્રો માટે અશ્મિભૂત બળતણ મહત્ત્વપૂર્ણ હોવાનું જણાવ્યું

**નવી દિલ્હી, તા. 12 (PTI):** બ્રિક્સ દેશોએ શનિવારે વિવિધ પુરવઠા સ્ત્રોતો, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્થિર ઊર્જા બજારો દ્વારા વધુ મજબૂત ઊર્જા સુરક્ષાની માંગ કરી હતી. સાથે એ પણ સ્વીકાર્યું હતું કે, વૈશ્વિક ઊર્જા મિશ્રણમાં, ખાસ કરીને ઊભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રો માટે અશ્મિભૂત બળતણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે.

નવી દિલ્હી ઘોષણાપત્રમાં જણાવાયું છે કે, "અમે સ્વીકારીએ છીએ કે, વિશ્વના ઊર્જા મિશ્રણમાં, ખાસ કરીને ઊભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રો (ઈએમડીઈ) માટે અશ્મિભૂત બળતણ હજી પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે." સાથેસાથે, બ્રિક્સ દ્વારા ટેક્નોલોજીકલ

...અનુસંધાન પાના 11 પર

## બ્રિક્સે પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી

**સંગઠને** સીમાપારના આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની માંગ કરી

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): બ્રિક્સ જૂથે શનિવારે અપનાવાયેલા તેના 'નવી દિલ્હી ઘોષણાપત્ર'માં એપ્રિલ 2025ના પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે અને સીમાપારના આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા અપનાવવા તથા તમામ ગુનેગારો અને તેમના આશ્રયદાતાઓને ન્યાયના કઠેરામાં લાવવાની માંગ કરી છે.

'બિલ્ડિંગ ફોર રેઝિલિયન્સ, ઈનોવેશન, કોઓપરેશન એન્ડ સસ્ટેનેબિલિટી' શીર્ષકવાળો આ વ્યાપક 45 પાનાંનો દસ્તાવેજ વૈશ્વિક આતંકવાદ, ગેરકાયદેસર નાણાકીય પ્રવાહો, સાયબર ફ્રોડ અને ઉભરતા સીમાપાર કૌભાંડ નેટવર્ક્સ સામે જૂથના એકીકૃત વલણને ચિહ્નિત કરે છે.

ઘોષણાપત્રના સુરક્ષા પરિણામોનું નેતૃત્વ કરતાં સભ્ય દેશોએ જમ્મુ અને કાશ્મીરમાં 22 એપ્રિલ, 2025ના રોજ થયેલા પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી હતી, જેમાં મુખ્યત્વે પ્રવાસીઓ સહિત 26 લોકોના જીવ ગયા હતા અને અસંખ્ય લોકો ઘાયલ થયા હતા.

બ્રિક્સ ઘોષણાપત્રમાં જણાવાયું છે કે, "અમે આતંકવાદની કોઈપણ ઘટનાની સખત નિંદા કરીએ છીએ અને તેને અપરાધ અને અનુચિત માનીએ છીએ- પછી ભલે તેનો ઉદ્દેશ્ય ગમે તે હોય. તે ગમે તે સમયે, ગમે તે સ્થળે કે કોઈપણ દ્વારા આતંકવાદી કૃત્ય કરવામાં આવ્યું હોય." અને સાથે જ ગયા વર્ષે કાશ્મીરના પહેલગામ વિસ્તારમાં આવેલા બૈસરાન મેદાનો પર થયેલા ઘાતક હુમલાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો.

આતંકવાદનાં તમામ સ્વરૂપો અને પ્રકાર સામે લડવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનઃઉચ્ચાર કરતાં સભ્ય દેશોએ આતંકવાદીઓની સીમાપાર હિલચાલ, આતંકવાદ માટે ભંડોળ પૂરું પાડવું અને સુરક્ષિત આશ્રયસ્થાનોનો સામનો કરવા આહ્વાન કર્યું હતું.

એક સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે કે, "અમે પુનઃ પુષ્ટિ કરીએ છીએ કે, આતંકવાદને કોઈપણ ધર્મ, રાષ્ટ્રીયતા, સંસ્કૃતિ અથવા વંશીય જૂથ સાથે જોડવો જોઈએ નહીં અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ

...અનુસંધાન પાના 11 પર

## ઉત્તર કોરિયાએ સમુદ્ર તરફ બેલિસ્ટિક મિસાઈલો છોડ્યા બાદ ભારે તનાવ

**અમેરિકા,** દક્ષિણ કોરિયા અને જાપાનની સંયુક્ત કવાયત પછી ઉત્તર કોરિયાએ મિસાઇલો છોડી

**બે ચાલતા** યુદ્ધો વચ્ચે વિશ્વમાં ત્રીજા મોરચે તનાવ

**સૌલ, તા. 12 (AP).** તેના પડોશીઓના જણાવ્યા અનુસાર, શનિવારે ઉત્તર કોરિયાએ સમુદ્ર તરફ અનેક ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી, જે યુએસ, દક્ષિણ કોરિયા અને જાપાન દ્વારા તેમની ત્રિપક્ષીય લશ્કરી કવાયત સમાપ્ત કર્યાના એક દિવસ પછી થયું હતું, જેને ઉત્તર કોરિયા ઉશ્કેરણી તરીકે જુએ છે.

લગભગ ત્રણ અઠવાડિયામાં ઉત્તર કોરિયાની આ પહેલી બેલિસ્ટિક મિસાઈલ પ્રક્ષેપણ ઘટના છે, જે દક્ષિણ કોરિયા સાથેની મુખ્ય દ્વિપક્ષીય લશ્કરી કવાયતને સદ્ભાવનાના સંકેત રૂપે ઘટાડવાના યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયને ફગાવી દીધા બાદ દેશના શસ્ત્રોના પ્રદર્શનને ચાલુ રાખતી વખતે આવી હતી.

દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સે જણાવ્યું હતું કે, તેણે ઉત્તર કોરિયાના પૂર્વીય દરિયાકાંઠાના વોનસન વિસ્તારમાંથી અનેક મિસાઈલોના પ્રક્ષેપણની નોંધ લીધી છે. મિસાઈલો ઉત્તર કોરિયાના પૂર્વીય જળમાર્ગોની દિશામાં આશરે ૨૫૦ કિલોમીટર દૂર ગઈ હતી. જોઈન્ટ ચીફ્સે જણાવ્યું હતું કે, તેણે પોતાની દેખરેખ સ્થિતિ

...અનુસંધાન પાના 11 પર

## સંબંધોના વિકાસ માટે સરહદે શાંતિ અનિવાર્યઃ મોદીએ જિનપિંગને કહ્યું

**સાત** વર્ષમાં પ્રથમ વખત ભારતની ધરતી પર ભારત અને ચીનના વડાઓ વચ્ચે દ્વિપક્ષી બેઠક

**ભારતીય** વડાપ્રધાન અને ચીની પ્રમુખ સરહદી વિવાદ ઉકેલવા કામ કરવા અને વેપાર સંતુલન તથા સપ્લાય ચેઇન સહિતની ચિંતાઓને હાથ ધરવા પણ સહમત





**નવી દિલ્હી, તા. 12:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સમક્ષ ભાર મૂક્યો હતો કે ભારત-ચીન સંબંધોના વિકાસ માટે સરહદ પર શાંતિ અને અમન જાળવવું અનિવાર્ય છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સરહદ સંચાલન અંગેના હાલના કરારોનું ચુસ્તપણે પાલન થવું જોઈએ.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બ્રિક્સ (BRICS) શિખર સંમેલનની સાઇડ લાઇન પર યોજાયેલી તેમની મુલાકાત દરમિયાન બંને નેતાઓએ પુનરોચ્ચાર કર્યો હતો કે બંને દેશોએ પોતાના સંબંધોને વ્યૂહાત્મક અને લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જોવા જોઈએ અને મતભેદો વિવાદ ન બનવા જોઈએ. આર્થિક ક્ષેત્રે, મોદી અને શીએ માળખાકીય વેપાર અસંતુલન અને સપ્લાય ચેઈન સંબંધિત મુદ્દાઓ સહિત એકબીજાની ચિંતાઓનું

...અનુસંધાન પાના 11 પર

## એનબીએફસી લાયસન્સ સરન્ડર કરવાની ટાટા સન્સની અરજી રિઝર્વ બેન્કે ફગાવી

**આરબીઆઇના** આ નિર્ણય પછી ટાટા સન્સનું પબ્લિક લિસ્ટિંગ હવે અનિવાર્ય બન્યું

**મુંબઈ, 12 (PTI):** રિઝર્વ બેંકે ટાટા સન્સની નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) લાઈસન્સ સરન્ડર કરવાની અરજી ફગાવી દીધી છે, જેના કારણે સોલ્ટ-ટુ-સોફ્ટવેર ક્ષેત્રે સક્રિય ટાટા ગ્રૂપની હોલ્ડિંગ કંપની માટે પબ્લિક લિસ્ટિંગ અનિવાર્ય બનશે, તેમ શનિવારે સૂત્રોએ જણાવ્યું હતું.

કંપની સેક્રેટરી અને ચીફ ફાઈનાન્શિયલ ઓફિસરને શનિવારે મળેલા એક પત્રમાં, આરબીઆઈએ સ્પષ્ટ કર્યું હતું કે ગ્રૂપ જરૂરી પાત્રતાના ધોરણો પૂરા કરતું નથી, જેના લીધે ડી-રજિસ્ટ્રેશન માટેની માર્ચ ૨૦૨૪ની અરજી અસ્વીકાર કરવામાં આવી છે. આ નિર્ણયથી ટાટા સન્સનું પબ્લિક લિસ્ટિંગ હવે અનિવાર્ય બન્યું છે કારણ કે તે 'અપર લેયર' NBFC તરીકે વર્ગીકૃત થાય છે, જેણે સ્ટોક એક્સચેન્જમાં ફરજિયાતપણે લિસ્ટ થવું જરૂરી છે. ટિપ્પણી માટે સંપર્ક કરવામાં આવતાં રિઝર્વ બેંક તરફથી કોઈ પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી હતી. ટાટા સન્સે પણ આ ઘટનાક્રમ અંગે તરત જ કોઈ પ્રતિભાવ આપ્યો ન હતો.

આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે ૧૭૦ અબજ યુએસ ડોલરનું મૂલ્ય ધરાવતું ટાટા સન્સ હજુ પણ નેતૃત્વના પડકારો અને વિભાજિત બોર્ડનો સામનો કરી રહ્યું છે, જેના કારણે ચેરમેન એન. ચંદ્રશેખરને આવતા વર્ષના ફેબ્રુઆરીમાં તેમનો કાર્યકાળ પૂરો થતાં પુનઃનિમણૂક ન લેવાનો વિકલ્પ પસંદ કર્યો છે. શેરધારકો વચ્ચે પણ આંતરિક મતભેદો છે; જેમાં ટાટા સન્સમાં ૬૫ ટકાથી વધુ હિસ્સો ધરાવતા વિવિધ નોન-પ્રોફિટ સંસ્થાઓના સમૂહ 'ટાટા ટ્રસ્ટ્સ' (જેનું નેતૃત્વ નોએલ ટાટા કરે છે) લિસ્ટિંગ કરાવવા અનિચ્છુક છે, જ્યારે લગભગ ૧૮ ટકા હિસ્સો ધરાવતો તેનો સૌથી મોટો ખાનગી શેરધારક શાપૂરજી પાલોનજી ગ્રૂપ જાહેર રીતે કંપનીના

...અનુસંધાન પાના 11 પર

### તા. ૧૨-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | 33.૫ સે. | ૨૭.૬ સે. | ૮૧% |

## ફિલિપાઇન્સમાં ફેરી બોટની આગમાં 76નાં મોત, 13 લાપતા

**બુધવારે** રાત્રે આ ફેરી બોટમાં ભયાનક આગ ફાટી નિકળી હતી, ધીમે ધીમે ઘણા મૃતદેહો મળી આવ્યા

**બોટ** પર સવાર 132 લોકોમાંથી માત્ર 43 લોકોનો બચાવ હજી સુધી થયો છે



**કોરોન (ફિલિપાઇન્સ), 12 (AP):** ફિલિપાઇન્સમાં આગમાં ખાખ થઈ ગયેલી પેસેન્જર ફેરીમાંથી બચાવકર્તાઓએ વધુ મૃતદેહો બહાર કાઢ્યા છે. આ સાથે શનિવારે મૃત્યુઆંક વધીને 76 થયો છે, જ્યારે 13 લોકો હજુ પણ લાપતા છે.

બુધવારે રાત્રે લાગેલી આગમાં જહાજ પર સવાર 132 લોકોમાંથી 43 લોકોનો બચાવ થયો હતો. આ ફેરી રાજધાની મનિલાથી રવાના થઈ હતી અને દક્ષિણ-પશ્ચિમ પલાવાન પ્રાંતના કોરોન સ્થિત તેના ગંતવ્ય સ્થાનથી લગભગ 39 કિલોમીટર દૂર હતી, ત્યારે તેમાં આકસ્મિક આગ ફાટી નીકળી હતી. આગનું કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ કોસ્ટ ગાર્ડના પ્રવક્તાએ એક બચેલા મુસાફરને ટાંકીને જણાવ્યું હતું કે આગ કાર્ગો હોલ્ડ (સામાન રાખવાની જગ્યા)માંથી શરૂ થઈ હોઈ શકે છે. અધિકારીઓએ જણાવ્યું

...અનુસંધાન પાના 11 પર